સુરત જિલ્લામાં વેરા વસૂલાત 178 કરોડની સામે 97 કરોડ

બારડોલી 86.53 %, મહુવા 80.10 % સાથે આગળ

અનેક તાલુકા લક્ષ્યાંકથી નોંધપાત્ર પાછળ

સુરતઃ સુરત જિલ્લામાં વર્ષ 2025-26 દરમિયાન વેરા વસૂલાતના આંકડાઓ સામે આવ્યા છે, જેમાં કુલ 178.04 કરોડ રૂપિયાની માંગણી સામે માત્ર 97.08 કરોડ રૂપિયાની વસૂલાત નોંધાઈ છે. આ મુજબ જિલ્લામાં સરેરાશ વસૂલાત ટકાવારી 54.38% રહી છે, જે સંકેત આપે છે કે અનેક તાલુકાઓમાં વસૂલાત હજુ પણ અપેક્ષા કરતાં ઓછી રહી છે.

તાલુકાવાર વિશ્લેષણ કરીએ તો બારડોલી તાલુકાએ 86.53% વસૂલાત સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. તેની સાથે મહુવા તાલુકાએ પણ 80.1% વસૂલાત નોંધાવી સારી કામગીરી દર્શાવી છે. ઉમરપાડા તાલુકામાં પણ 77.8% વસૂલાત સાથે સંતોષકારક સ્થિતિ જોવા મળી છે. ચોર્યાસી તાલુકાએ 72.56% વસૂલાત કરીને મધ્યમ પ્રદર્શન કર્યું છે. બીજી તરફ, કેટલાક મોટા તાલુકાઓમાં નોંધપાત્ર રીતે ઓછી વસૂલાત ચિંતાજનક બની છે. કામરેજ તાલુકામાં સૌથી ઓછી માત્ર 43.86% વસૂલાત નોંધાઈ છે, જ્યારે માંગરોળ તાલુકામાં 48.37% અને ઓલપાડમાં 50.37% વસૂલાત રહી છે. પલસાણા તાલુકાએ 57.56% અને માંડવી તાલુકાએ 65.11% વસૂલાત નોંધાવી છે, જે સરેરાશની આસપાસ છે. ખાસ નોંધનીય વાત એ છે કે કામરેજ અને ઓલપાડ જેવા ઉદ્યોગિક અને વિકાસશીલ વિસ્તારોમાં ઓછી વસૂલાત નોંધાતા વહીવટી તંત્ર માટે પડકાર ઉભો થયો છે. મોટા આવકવાળા તાલુકાઓમાં વસૂલાત ઘટવાથી કુલ આંકડાઓ પર સીધી અસર પડી છે.

સ્થાનિક સ્તરે વધારે જાગૃતિ ચલાવવાની જરૂર

આ સમગ્ર આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે જિલ્લામાં થોડા તાલુકાઓએ ઉત્તમ કામગીરી કરી હોવા છતાં, કુલ સ્તરે હજી ઘણો સુધારો કરવાની જરૂર છે. આગામી સમયમાં વહીવટી તંત્ર દ્વારા વધુ અસરકારક આયોજન કરવામાં આવે તો વસૂલાતમાં વધારો શક્ય બનશે. વસૂલાત વધારવા માટે સખત કાર્યવાહી, ડિજિટલ પેમેન્ટ પ્રોત્સાહન અને બાકીદારો સામે કડક પગલાં લેવા જરૂરી બનશે. સાથે જ સ્થાનિક સ્તરે જાગૃતિ અભિયાન ચલાવવાથી પણ વસૂલાતમાં સુધારો આવી શકે છે.

તાલુકા	વસૂલાત	ટકાવારી
બારડોલી	૮.૧૯ કરોડ	૮૬.૫૩
ચોર્યાસી	૯.૭૧ કરોડ	૭૨.૫૬
કામરેજ	૨૧.૨૯ કરોડ	૪૩.૮૬
મહુવા	૨.૭૪ કરોડ	૮૦.૦૧
માંડવી	૪.૨૪ કરોડ	૬૫.૧૧
માંગરોળ	૧૩.૭૪ કરોડ	૪૮.૩૭
ઓલપાડ	૧૮.૬૫ કરોડ	૫૦.૩૭
પલસાણા	૧૭.૫૩ કરોડ	૫૭.૫૬
ઉમરપાડા	૮૮.૨૦ લાખ	૭૭.૮
કુલ	૯૭.૦૮ કરોડ	૫૪.૩૮

રાજ્યમાં સૌથી વધારે વસૂલાત સુરત જિલ્લા પંચાયતની

ક્રમ	જિલ્લા	વસૂલાત (કરોડ રૂપિયા)
1	સુરત	97
2	અમદાવાદ	78.76
3	વડોદરા	45.28
4	ભરૂચ	45.06
5	વલસાડ	43.96
6	કચ્છ	38.58
7	રાજકોટ	35.83
8	ગાંધીનગર	35.56
9	મહેસાણા	30.99
10	બનાસકાંઠા	30.46

- **કુલ ગામો : ૫૬૫**
- ૧૦૦% વેરા વસૂલાત કરનાર ગામો : ૧૦૧
- ૮૦%થી વધુ વસૂલાત કરનાર ગામો : ૩૫૪

તાલુકાવાર ૧૦૦% વસૂલાત કરનાર ગામો

- બારડોલી : ૪૪
- ચોર્યાસી : ૨
- કામરેજ : ૨
- મહુવા : ૨૦
- માંડવી : ૧૭
- માંગરોળ : ૦
- ઓલપાડ : ૪
- પલસાણા : ૮
- ઉમરપાડા : ૪

કીમમાં 30 કલાક માટે વીજળીગુલ, ઉદ્યોગોને ફટકો

સાયણથી કીમ રોડ સુધી 3000થી વધુ યુનિટ્સ પર અસર

એક મહિનામાં ત્રીજીવાર લાંબો પાવર કટ જોવા મળ્યો

સુરત, કીમ : સુરત જિલ્લાના કીમ ડિવિઝનમાં 30 માર્ચની રાત્રે 11:38 વાગ્યે વીજળી ગુલ થઈ જતાં ઉદ્યોગકારોમાં ચિંતા ફેલાઈ હતી. લગભગ 30 કલાકથી વધુ સમય વીજ પુરવઠો ખોરવાયા પછી બુધવારે સવારે 5:40 વાગ્યે વીજ પુરવઠો પુનઃ શરૂ થતાં ટેક્સટાઈલ ઉદ્યોગોને મોટું નુકસાન સહન કરવું પડ્યું હતું. આ વીજ કપાતનો પ્રભાવ સાયણથી દેલાડ, અંજની, પરિયા, સુગર રોડ અને કીમ રોડ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં આવેલા 3000થી વધુ વિવિંગ, એમ્બ્રોઈડરી, ટેક્સચ્યુરાઈઝિંગ સહિતના ટેક્સટાઈલ યુનિટ્સ પર પડ્યો હતો. મધરાત્રી દરમિયાન અચાનક વીજળી જતાં મશીનો બંધ થઈ જતા પ્રોડક્શન પર સીધી અસર પડી હતી.

ઉદ્યોગકારોનું કહેવું છે કે છેલ્લા થોડા સમયથી આ પ્રકારની સમસ્યા વારંવાર ઊભી થઈ રહી છે. ખાસ કરીને એક મહિનામાં ત્રીજી વખત લાંબા સમય સુધી વીજ પુરવઠો બંધ રહેતા તેઓમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. તેમના જણાવ્યા મુજબ, વીજળી જતાં મશીનો બંધ થવાથી કાચા માલનું નુકસાન, ઓર્ડર ડિલે અને ઉત્પાદન ખર્ચમાં વધારો થાય છે. બીજી તરફ, વીજ કંપનીઓનું કહેવું છે કે ટેકનિકલ ફોલ્ટના કારણે આ સમસ્યા સર્જાઈ હતી.DGVCL અને ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશનના અધિકારીઓ મુજબ, ફોલ્ટને કારણે અંદાજે 8 થી 9 કલાક સુધી વીજ પુરવઠો પ્રભાવિત રહ્યો હતો અને તાત્કાલિક મરામત કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઉદ્યોગકારોએ માગણી કરી છે કે આવનારા સમયમાં આવી પરિસ્થિતિ ટાળવા માટે મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સતત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવે, નહિતર ટેક્સટાઈલ ઉદ્યોગ પર ગંભીર અસર પડી શકે છે.

સ્ટેશન પર હાથફેરો કરનાર રીઢો ઝડપાયો

સુરતઃ LCB પીઆઈ. ટી.વી. પટેલના માર્ગદર્શન હેઠળ સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મોબાઈલ ચોરીના ગુનાની તપાસ તેજ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન, LCB સુરત યુનિટના હેડ કોન્સ્ટેબલ પ્રવીણ રઘુનાથને મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે સચિન વિસ્તારમાં આવેલા મલ્લા ડાઈંગ બકરા મંડી ખાતે રહેતા 20 વર્ષીય કાલીચરણ ઉર્ફે કલ્લા મુરારી નિશાદ ને ઝડપી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી 18 હજારની કિંમતનો ફોન મળી આવ્યો હતો. પોલીસે આ મોબાઈલ જપ્ત કરી આરોપીની અટકાયત કરી હતી.

VNSGUનું રૂ.૨૪૭ કરોડનું વિકાસલક્ષી અંદાજપત્ર રજૂ

સંશોધન, ડિજિટલાઈઝેશન અને વિદ્યાર્થી કલ્યાણ પર ભાર

વર્ષ ૨૦૨૬-૨૭ માટે આવક કરતા ખર્ચ વધુ, આગામી સમયમાં સંતુલન જાળવવાનો પડકાર બની શકે, વિવિધ ક્ષેત્રોમાં વિશેષ ફાળવણી

મહેસૂલી ખાતામાં ખાધ રહેવાની શક્યતા દર્શાવાઈ, પરીક્ષા અને ડેવલપમેન્ટ ફંડમાં પણ ખર્ચ વધુ

સુરતઃ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ કુલ રૂ.૨૪૭ કરોડનું સર્વાંગી વિકાસને આધારિત અંદાજપત્ર તૈયાર કર્યું છે. યુનિવર્સિટીના આ બજેટમાં સંશોધન, ડિજિટલાઈઝેશન, રમતગમત અને વિદ્યાર્થી પ્રોત્સાહન જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોને વિશેષ પ્રાથમિકતા આપવામાં આવી છે.

મહેસૂલી અંદાજપત્ર મુજબ રાજ્ય સરકારની એડહોક ગ્રાન્ટ, ખાસ અનુદાન, વિવિધ પ્રોજેક્ટ ગ્રાન્ટ અને અન્ય સ્ત્રોતોથી કુલ રૂ.૧૦૮.૦૬ કરોડની આવક સામે રૂ.૧૧૦.૪૪ કરોડ ખર્ચ થવાનો અંદાજ છે. જેના કારણે મહેસૂલી ખાતામાં ખાધ રહેવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

યુનિવર્સિટીના પરીક્ષા ફંડ હેઠળ રૂ.૩૫.૧૪ કરોડની આવક સામે રૂ.૪૫.૯૭ કરોડ ખર્ચ થવાનો અંદાજ છે. સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડમાં રૂ.૨૯.૮૨ કરોડની આવક સામે રૂ.૩૮.૨૫ કરોડ ખર્ચ થવાની સંભાવના છે. સ્વનિર્ભર અને હાયર ફી આધારિત અભ્યાસક્રમોમાંથી રૂ.૩૫.૮૦ કરોડની આવક સામે રૂ.૫૩.૩૬ કરોડ ખર્ચ થવાનો અંદાજ છે, જે આ વિભાગમાં પણ નાણાંકીય દબાણ દર્શાવે છે.

કુલ મળીને યુનિવર્સિટીનું આ અંદાજપત્ર વિકાસલક્ષી દૃષ્ટિકોણ રજૂ કરે છે, પરંતુ આવક કરતાં ખર્ચ વધુ રહેવાના કારણે નાણાકીય સંતુલન જાળવવું આગામી સમયમાં મોટો પડકાર બની શકે છે.

અંદાજપત્રની મુખ્ય વિશેષતાઓ

સંશોધન માટે વિશેષ ફાળવણી
વિવિધ ક્ષેત્રોમાં સંશોધન પ્રવૃત્તિઓને વેગ આપવા માટે રૂ.૧.૨૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.
રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન
વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે રમતગમત અને યુવા મહોત્સવ માટે રૂ.૪.૪૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.
ડિજિટલાઈઝેશન પર ભાર
યુનિવર્સિટી પરિસરમાં ઓટોમેશન અને ડિજિટલાઈઝેશન માટે રૂ.૧.૯૫ કરોડ ફાળવવામાં આવ્યા છે.

વિદ્યાર્થી પ્રોત્સાહન માટે નવી યોજનાઓ

જે વિષયોમાં મેડલ નથી તેવા વિષયો માટે હિરક જયંતિ ચંદ્રક આપવા રૂ.૫ લાખ ફાળવાયા છે. યુનિવર્સિટીના ૬૦ વર્ષ પૂર્ણ થતાં ડાયમંડ જ્યુબીલી એપ્રિશિએશન અને સર્ટિફિકેશન માટે રૂ.૧૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. યુનિવર્સિટીની ગુણવત્તા સુધારવા અને રેન્કિંગમાં સુધારો લાવવા માટે એક્રિડિએશન, રેન્કિંગ અને સર્ટિફિકેશન માટે રૂ.૨૦ લાખ ફાળવવામાં આવ્યા છે.

HDFC BANK — એચડીએફસી બેન્ક લિમિટેડ — પઝેશન નોટિસ

બ્રાન્ચ સરનામું : ૨૦૧-૨૦૪, રિદ્ધિ શોપર્સ, ઈમ્પીરીયલ સ્કવેર્સ સામે, અડાજણ-હજીરા રોડ, સુરત-૩૯૫૦૦૯.

એચડીએફસી બેન્ક લિમિટેડના (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવાયેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૬૦ દિવસમાં ચૂકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

અનુ. નં.	બોરોઅર/કાયદેસરનાં વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ	તારીખના રોજ બાકી લેણાં* રૂ.	ડિમાન્ડ નોટિસ તારીખ	પઝેશન તારીખ ફીઝિકલ/ સિમ્બોલીક	સ્થાવર મિલકત(તો) / સલામત અસ્કયામત(તો) નું વર્ણન
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)
૧	શ્રી કીરિટકુમાર પી. મોવલિયા (બોરોઅર) શ્રી હિતેશભાઈ પરસોતમભાઈ મોવલિયા (કો-બોરોઅર) ૨૦૮૯૦૬ - ૬૧૭૬૨૪૭૨૪	રૂા.૧૦,૫૮,૭૪૬/- ૩૧ ઓક્ટો., ૨૦૨૫ના રોજ*	૨૭ નવે., ૨૦૨૫	૩૧ માર્ચ, ૨૦૨૬ સિમ્બોલિક	ફ્લેટ-એચ/૪૦૧, ચોથો માળ, અવધ રેસિડેન્સી, ટાઈપ-એચ અને આઈ, સ.નં. ૨૦૩ / ૨૦૪ / ૨૦૫, મોજે ગામ - વાલક, લક્ષ્માના પાસે, સરથાણા જકાતનાકા, વરાછા, સુરત - ૩૯૫૦૦૬.
૨	શ્રી મુકેશ રાણા (બોરોઅર) ૨૧૦૯૬૯-૬૯૧૧૯૪૭૩૫, ૭૦૧૭૦૬૦૧૦	રૂા.૪૩,૫૫૦/- અને રૂા.૧૨,૬૧,૯૩૫/- અનુક્રમે 30 નવે., ૨૦૨૫ના રોજ*	૦૫ જાન્યુ., ૨૦૨૬	૩૧ માર્ચ, ૨૦૨૬ સિમ્બોલિક	ફ્લેટ-૨૦૨, બીજો માળ, હેત્વી એવન્યુ, સ.નં. ૧૯૨, બ્લોક-૩૦૫, એફપી - ૧૧૦/એ/૧, ટીપી - ૬૨, માનસી રેસિડેન્સીની બાજુમાં, પાણીની ટાંકી સામે, સી.આર. પાટીલ એસ્ટેટ પાસે, ડીંડોલી, સુરત - ૩૯૪૨૧૦.
૩	શ્રી ભગીરથ દિનેશભાઈ સાવલીયા (બોરોઅર) શ્રીમતી વૈશાલીબેન ભગીરથભાઈ સાવલીયા (કો-બોરોઅર) ૨૦૮૯૨૧-૬૭૧૯૯૬૩૦૪, ૬૭૨૯૪૪૦૭૮	રૂા.૧૫,૫૫,૩૪૫/- અને રૂા.૫,૦૭,૩૧૧/- અનુક્રમે ૩૧ ઓક્ટો., ૨૦૨૫ના રોજ*	૨૭ નવે., ૨૦૨૫	૩૧ માર્ચ, ૨૦૨૬ સિમ્બોલિક	ફ્લેટ-આઈ-૨૦૨, બીજો માળ, અવધ રેસિડેન્સી, ટાઈપ-એચ અને આઈ, સ.નં. ૨૦૩ / ૨૦૪ / ૨૦૫, મોજે ગામ - વાલક, લક્ષ્માના પાસે, સરથાણા જકાતનાકા, વરાછા, સુરત - ૩૯૫૦૦૬.
૪	શ્રી દિવ્યેશભાઈ રમેશભાઈ કથરોટીયા (બોરોઅર) શ્રીમતી અનસૂયાબેન રમેશભાઈ કથરોટીયા (કો-બોરોઅર) ૨૦૬૯૬૦-૬૯૨૩૭૮૬૦૮, ૭૦૨૧૯૮૧૩૭	રૂા.૨૭,૨૪૯/- અને રૂા.૨૬,૧૧,૪૭૧/- અનુક્રમે 30 સપ્ટે., ૨૦૨૫ના રોજ*	૨૭ ઓક્ટો., ૨૦૨૫	૩૧ માર્ચ, ૨૦૨૬ સિમ્બોલિક	ફ્લેટ-૧૦૦૨, દસમો માળ, સ્કાય નંદ હાઈટ્સ, બી-૧ વીંગ, સ.નં. ૩૦/૨, બ્લોક-૪૪, એફપી-૧૯, ટીપી-૨૧ (સરથાણા સીમાડા), સેલીબ્રેશન હોમ્સ સામે, વૈભવ બંગ્લોઝની બાજુમાં, સરથાણા જકાત-નાકા, સુરત - ૩૯૫૦૦૬.
૫	શ્રી ભાવેશભાઈ વલ્લભભાઈ સોજિત્રા (બોરોઅર) શ્રીમતી ગીતાબેન ભાવેશભાઈ સોજિત્રા (કો-બોરોઅર) ૨૧૧૪૧૨-૬૮૪૫૪૩૩૯૭, ૬૮૩૪૯૨૮૩૦, ૬૮૩૪૯૨૮૧૬, ૬૮૪૫૪૩૪૨૧	રૂા.૭,૯૫,૪૨૯/-, રૂા.૩,૯૭,૩૮૩/-, રૂા.૫૨,૦૧૪/- અને રૂા.૨૧,૩૩૫/- અનુક્રમે 30 નવે., ૨૦૨૫ના રોજ*	૦૫ જાન્યુ., ૨૦૨૬	૩૧ માર્ચ, ૨૦૨૬ સિમ્બોલિક	ફ્લેટ-એ/૭ - ૧૦૧, પ્લાન મુજબ - એ / ૨પી - ૧૦૧, પહેલો માળ, ઓમ ટાઉનશીપ - ૪, એ/૫, એ/૬, એ/૭, એ/૮, સ.નં. ૧૭, બ્લોક - ૧૯, ઓમ ટાઉન-શીપ પાસે, સૌરાષ્ટ્ર રો-હાઉસ, પાસોદરા ગામ, સુરત - ૩૯૫૦૦૬.
૬	શ્રી શ્રીચંદ શિવકરણ નહેરા (બોરોઅર) શ્રી બાબુલાલ મલ્લારામ સૈની (ગેરન્ટર) ૨૦૮૯૧૭-૬૦૬૪૯૮૮૨૩	રૂા.૩,૧૩,૧૬૬/- ૩૧ ઓક્ટો., ૨૦૨૫ના રોજ*	૨૭ નવે., ૨૦૨૫	૩૧ માર્ચ, ૨૦૨૬ સિમ્બોલિક	ડી-૫૦૩, પ્રમુખ દર્શન, રે.સ.નં. ૧૮૭/૨, ૧૮૮, પ્રતીક્ષા રેસિડેન્સી પાસે, પ્રતિષ્ઠા રો-હાઉસ નજીક, કુંભારીયા ગામ, દેવધ રોડ, સુરત - ૩૯૫૦૦૮.
૭	શ્રી ધર્મેશભાઈ રતીભાઈ ધોળકીયા (બોરોઅર) શ્રીમતી રીમાબેન ધર્મેશભાઈ ધોળકીયા (કો-બોરોઅર) ૨૦૮૮૪૩-૬૮૫૫૪૨૧૨૨, ૬૮૪૯૧૧૮૯૧	રૂા.૪,૫૮,૩૪૨/- અને રૂા.૨૭,૯૨૮/- અનુક્રમે ૩૧ ઓક્ટો., ૨૦૨૫ના રોજ*	૨૭ નવે., ૨૦૨૫	૩૧ માર્ચ, ૨૦૨૬ સિમ્બોલિક	ફ્લેટ - ૧૨૦૪, બારમો માળ, સુમન પ્રયાગ - 'એ' - વીંગ, ઈડબલ્યુએસ-૪૧, સ.નં. ૨૯, બ્લોક-૨૭૧, એફપી નં. ૧૮૦, સબ પ્લોટ - ૧, ટીપી-૨૪ (મોટા-વરાછા - ઉતરાણ), ઈડબલ્યુએસ ટાઈપ-૨, રોયલ હીલ્સ સામે, મોટા વરાછા, સુરત - ૩૯૪૧૦૧.
૮	શ્રી ધનંજય ગંગુર્ડે (બોરોઅર) શ્રીમતી સુનિતા ગંગુર્ડે (કો-બોરોઅર) ૨૧૧૩૩૧-૬૮૬૧૬૩૯૪૪, ૬૭૯૯૨૫૬૪૯	રૂા.૩૬,૯૯,૨૯૬/- અને ૧,૪૭,૨૭૫/- અનુક્રમે 30 નવે., ૨૦૨૫ના રોજ*	૦૮ જાન્યુ. ૨૦૨૬	૩૧ માર્ચ, ૨૦૨૬ સિમ્બોલિક	રો-હાઉસ-૨૮૮, ઓમ સાંઈ બંગ્લોઝ, સ.નં. ૮/૨, બ્લોક-૭, ગોકુલધામ બંગ્લોઝની બાજુમાં, સાંઈ કૃપા રેસિડેન્સી પાછળ, કેનાલ રોડ, કર્વાસા રોડ, ડીંડોલી, સુરત - ૩૯૪૨૧૦.
૯	શ્રી જગદીશ બિશ્નોઈ (બોરોઅર) શ્રીમતી સરોજ દેવી (કો-બોરોઅર) શ્રી મોહનલાલ (ગેરન્ટર) ૧૯૨૭૬૬૯-૬૩૨૭૧૮૧૮૭, ૬૩૨૭૧૮૧૨૫, ૬૩૩૧૯૭૪૨૯	રૂા.૧૧,૨૬,૦૨૪/- અને ૨,૫૬,૫૭૦/- અને રૂા.૯,૭૨૬/- અનુક્રમે ૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ*	૧૫ એપ્રિલ, ૨૦૨૫	૨૮ માર્ચ, ૨૦૨૬ ફીઝિકલ	રો-હાઉસ-૧૭૪, સુંદરવન રેસિડેન્સી, સ.નં. ૮૮, ૮૯, ૯૦, બ્લોક-૮૩, ૮૪, ૮૫, ગોકુલધામ પાસે, વિનાયક રેસિડેન્સી નજીક, શક્તિ લેક સિટી પાસે, નાંસદ રોડ, કામરેજ, સુરત - ૩૯૪૧૮૦.
૧૦	પત્ની / પુત્ર / પુત્રી - શ્રી ધ્રુવ મહેન્દ્રકુમાર ત્રિવેદી (અવસાન પામેલ છે) અને અન્ય જાણમાં હોય કે જાણમાં ના હોય તેવા કાયદેસરના વારસદાર(રો), પ્રતિનિધિ(ઓ), અનુગામીઓ અને અસાઈન્સ - શ્રી ધ્રુવ મહેન્દ્રકુમાર ત્રિવેદી (અવસાન પામેલ છે) (બોરોઅર) શ્રીમતી દીપિકાબેન મહેન્દ્રભાઈ ત્રિવેદી (કો-બોરોઅર) ૨૦૦૯૨૦-૬૨૦૨૫૭૬૩૦, ૬૪૧૩૦૪૨૫૨, ૬૯૩૪૯૪૯૭૦, ૬૪૧૯૭૫૦૮૫, ૬૪૧૯૭૪૯૩૬	રૂા.૨૦,૬૫,૦૦૭/-, રૂા.૧૧,૨૯૭/-, રૂા.૧૩,૭૮૭/-, રૂા.૧૨,૯૫૦/- અને રૂા.૪૨,૧૨૧ અનુક્રમે 30 જૂન, ૨૦૨૫ના રોજ*	૨૩ જુલાઈ, ૨૦૨૫	૩૧ માર્ચ, ૨૦૨૬ ફીઝિકલ	ફ્લોર-આઈ-૨૪૬, યુનિટ-જી+૧, તોરણ રેસિડેન્સી, સ.નં. ૧૭૦, ૧૭૬, ૧૭૭/૧, ૧૭૧, ૧૭૨, બ્લોક - ૨૨૦, ૧૪, રે.સ.નં. ૫૦/૨, ૫૧/૧, ૫૧/૨, અમરદીપ સોસાયટી પાસે, ચૌધરી સમાજવાડી નજીક, શ્યામ વાટિકા પાસે, મુસા રોડ, તાપી - ૩૯૪૬૫૦.
૧૧	પતિ / પુત્ર / પુત્રી - શ્રીમતી અમિતા ક્રિષ્ણાકાંત પંચાલ (અવસાન પામેલ છે) અને અન્ય જાણમાં હોય કે જાણમાં ના હોય તેવા કાયદેસરના વારસદાર(રો), પ્રતિનિધિ(ઓ), અનુગામીઓ અને અસાઈન્સ - શ્રીમતી અમિતા ક્રિષ્ણાકાંત પંચાલ (અવસાન પામેલ છે) (બોરોઅર) ૨૦૧૬૫૬-૬૨૧૮૭૭૨૧૭, ૬૪૨૦૮૬૯૩૯	રૂા.૭,૩૬,૭૮૩/- અને રૂા.૧૫,૮૦૮/- અનુક્રમે 30 સપ્ટે., ૨૦૨૫ના રોજ*	૨૪ ઓક્ટો., ૨૦૨૫	૦૧ એપ્રિલ, ૨૦૨૬ સિમ્બોલિક	ફ્લેટ-૧૦૩, પહેલો માળ, રોયલ રેસિડેન્સી, શિવમ બિલ્ડિંગ, સ.નં. ૪૨૨ + ૪૭૭/પી, સી.એસ.નં.- ૧૨૫૬, મહાત્મા ગાંધી રોડ, જીઈબી નાકા પાસે, સ્ટેશન રોડ, સબ ડિસ્ટ્રી. ગણદેવી, તાલુકા-બિલીમોરા, ડિસ્ટ્રી. નવસારી-૩૯૬૩૨૧, ગુજરાત. ફ્લેટનો વિસ્તાર - ૮૨.૩૪ ચો.મીટર્સ બિલ્ટઅપ.

* લાગુ પડતા વધારાના વ્યાજ સાથે, પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવણી/જમા થાય ત્યાં સુધીના ગણાશે.

જો કે, અહીં ઉપર દર્શાવેલ બોરોઅર/કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) બાકી લેણી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે, તેથી આ સાથે ઉપરોક્ત બોરોઅર/કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, **એચડીએફસી બેન્ક લિમિટેડ**ના અધિકૃત અધિકારી/ઓ (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ અને ઉપરોક્ત નિયમના નિયમ ૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી, ઉપરોક્ત તારીખોએ અહીં ઉપર દર્શાવેલ સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટનો **કબજો** મેળવી લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત બોરોઅર/કાયદેસર વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટ સાથેનો કોઈ સોદો કરાશે તો તે **એચડીએફસી બેન્ક લિમિટેડ**ના ગિરો હક્કને આધિન રહેશે.

બોરોઅર(સ) / કાયદેસરના વારસ (દારો) / કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ અનુસાર સમય રહેતાં પોતાની સલામત અસ્કયામત/તો છોડાવી લે.

કરવામાં આવેલ પંચનામું અને તૈયાર કરાયેલ ઈન્વેન્ટરી નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે; અને ઉપરોક્ત બોરોઅર(સ) / કાયદેસરના વારસદાર(રો)/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વિનંતી છે કે જે તે નકલ નીચે સહી કરનાર પાસેથી કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન મેળવી લે.

તારીખ : ૦૧-૦૪-૨૦૨૬ **વતી, એચડીએફસી બેન્ક લિ.**
સ્થળ : સુરત **સહી/- અધિકૃત અધિકારી**

રજિ. ઓફિસ : એચડીએફસી બેન્ક લિ., એચડીએફસી બેન્ક હાઉસ, સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩.
CIN : L65920MH1994PLC080618, Website: www.hdfcbank.com

નાણાંકીય વર્ષમાં 11,100 કરોડથી વધુ થાપણો સાથે

સુરત ડિસ્ટ્રિ. બેંકનો 15,400 કરોડનો રેકોર્ડ બ્રેક વેપાર

બેંકે ૧૧૭ વર્ષમાં પ્રથમવાર 151 કરોડનો સર્વોચ્ચ નફો હાંસલ કર્યો

સુરતઃ સુરત અને તાપી જિલ્લાના ગ્રામિણ અર્થતંત્રની મુખ્ય નાણાકીય સંસ્થા એવી "ધી સુરત ડીસ્ટ્રીક્ટ કો.ઓપ. બેંક લી. - સુરતે" નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રૂા.૧,૧૬૩ કરોડના વ્યાપાર વધારા સાથે થાપણોમાં રૂા.૧૧,૧૦૦ કરોડ અને કુલ વ્યાપારમાં રૂા.૧૫,૪૦૦ કરોડનો આંક પાર કર્યો છે. સાથે જ રૂા.૧૫૧ કરોડનો કાચો નફો મેળવી ૧૧૭ વર્ષની યાત્રામાં પ્રથમવાર સર્વોચ્ચ નફો નોંધાવ્યો છે.

બેંકના એમ.ડી. મહાવીરસિંહ ચૌહાણે જણાવ્યું કે રૂા.૧,૦૩૫ કરોડની નવી થાપણો સાથે ધિરાણમાં પણ રૂા.૧૩૦ કરોડનો વધારો થયો છે, જ્યારે FCIના રૂા.૮૫૦ કરોડની વસુલાત થઈ છે. NPAમાં સતત પાંચમાં વર્ષે ઘટાડો નોંધાતો રહ્યો છે અને તે ૧.૧૯% સુધી સીમિત રહ્યો છે.

સુડીકો બેંકના ચેરમેન બળવંતભાઈ પટેલે જણાવ્યું કે બેંક હાલ ૧૩૦ ATM અને મોબાઈલ વાન દ્વારા ૩૭૦ જેટલા આદિવાસી ગામોમાં ઘરઆંગણે બેંકિંગ સેવાઓ પૂરી પાડી રહી છે. વાઈસ ચેરમેન સુનીલભાઈ પટેલે જણાવ્યું કે નવી CBS સિસ્ટમ અને ડિજિટલ સેવાઓના વિસ્તરણ સાથે બેંક "Next Generation Agri Bank" તરીકે આગળ વધી રહી છે. બેંકનાં સંચાલક મંડળે બેંકનાં સ્પેશિયલ એક્ઝિક્યુટિવ ઈન્દ્રસિંહ મહિડા, ઓફિસ સુપ્રિ.ઈશ્વરસિંહ પરમાર, જોઈન્ટ જનરલ મેનેજર જયેશભાઈ દેસાઈ તથા પ્રણવ પંડ્યા સાથે તમામ કર્મચારીઓનો આભાર માન્યો છે.

'ચેરમેન-વાઈસ ચેરમેન ચોર છે': મહુવા સુગરમાં નારા લાગ્યા

સુગરના સત્તાધીશો સભાસદોના આક્રોશ સામે ઝૂક્યા, શેરડીના ભાવમાં 250નો વધારો, હવે નવો ભાવ 3,351 જાહેર

અનાવલઃ દક્ષિણ ગુજરાતની અન્ય સુગર ફેક્ટરીઓની તુલનામાં મહુવા સુગર દ્વારા શેરડીનો સૌથી ઓછો ભાવ જાહેર કરાતાં ખેડૂત સભાસદોમાં ફાટી નીકળેલા ભારે રોષ સામે અંતે વહીવટદારોએ નમતું જોખવું પડ્યું છે. સભાસદોની ઉગ્ર રજૂઆત બાદ બોર્ડ મીટિંગમાં શેરડીના ભાવમાં 250નો વધારો કરી નવો ભાવ 3351 નક્કી કરવામાં આવ્યો છે. જો કે, આ નિર્ણયથી સંસ્થાને મોટું આર્થિક ફટકો પડવાની શક્યતા છે.

દક્ષિણ ગુજરાતની અન્ય સુગર ફેક્ટરીઓ કરતાં ઓછા ભાવ પડતાં સોશિયલ મીડિયા પર સંચાલકોની આકરી ટીકા થઈ હતી અને સભાસદોએ ચેરમેન-વાઈસ ચેરમેન વિરુદ્ધ 'ચોર છે' ના નારા લગાવી વાતાવરણ ગરમાવ્યું હતું. મોટી સંખ્યામાં એકઠા થયેલા સભાસદોએ ફેક્ટરીના વહીવટ સામે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા.

બે કલાક સુધી ચાલેલી ઉગ્ર દલીલો બાદ સંચાલકોએ નવો ભાવ જાહેર કર્યો હતો. જો કે, હજુ પણ કેટલાક સભાસદો આ ભાવથી પૂર્ણપણે સંતુષ્ટ નથી, પરંતુ ફેક્ટરીની નુકસાનીની સ્થિતિ જોતાં હાલ મામલો શાંત પડ્યો છે.

મેહુલ પટેલ

અઢી કલાક સુધી સભાસદો વિરોધ કરતાં રહ્યા

અઢી કલાકની લાંબી બેઠક બાદ નવો ભાવ પર ખેડૂત સભાસદોએ સહમતી આપી હતી. જો કે, અઢી કલાક સુધી સભાસદોએ બોર્ડ રૂમ બહાર ઊભા રહી સુગરના ચેરમેન વાઈસ ચેરમેન વિરુદ્ધ હાઈ હાઈના નારા લગાવી ચેરમેન વાઈસ ચેરમેનના કારભાર સામે રોષ વ્યક્ત કર્યો હતો.

અનુસંધાન... પાના છેલ્લાનું

BJPના 12...

તેની વિગતો પણ માંગી હોવાથી આ વખતે ઉમેદવારની પસંદગીમાં સોશિયલ મીડિયામાં ફોલોઅર્સના આંકડાને પણ ધ્યાને લેવામાં આવશે તેવું મનાઈ રહ્યું છે.

પૂર્વ કોર્પોરેટરો, હોદેદારો તેમજ છેલ્લા સમયમાં પક્ષમાં જોડાયેલા કાર્યકર્તાઓએ પણ ટિકિટ માટે રજૂઆત કરી હતી. કેટલાક દાવેદારોને પક્ષની પ્રાથમિક માહિતી અંગે પૂછપરછ કરવામાં આવતા તેઓ યોગ્ય જવાબ ન આપી શકતા નિરીક્ષકો પણ આશ્ચર્યમાં મુકાયા હતા. પ્રથમ દિવસે વોર્ડ નં. 1થી 12 સુધીના દાવેદારોને સાંભળવામાં આવ્યા હતા. ખાસ કરીને વોર્ડ નં. 10 (અડાજણ-પાલ-ઇચ્છાપોર)માં સૌથી વધુ 142 દાવેદારો નોંધાયા હતા, જ્યારે વોર્ડ નં. 4 (કાપોદ્રા)માં માત્ર 34 દાવેદારો જોવા મળ્યા હતા. આગામી 3 એપ્રિલ સુધી નિરીક્ષકોની ટીમ દ્વારા તમામ વોર્ડના દાવેદારોને સાંભળવાની પ્રક્રિયા ચાલુ રહેશે. વર્ષ 2021માં 30 વોર્ડ માટે 1900ની આસપાસ દાવેદારો હતા પરંતુ આ વખતે દાવેદારોની સંખ્યા 2500થી ઉપર જાય તેવી શકયતા જોવાઇ રહી છે.

50% મહિલા...

કાર્યકર્તા હોય. માત્ર શોભાના ગાંઠિયા જેવી મહિલાઓ નહીં, પરંતુ જેઓ વોર્ડની સમસ્યાઓને વાચા આપી શકે તેમને અગ્રીમતા અપાશે.'

દાવેદારી માટેના...

શકે. બે પાનાના ફોર્મમાં કાર્યકર્તાએ પોતાની વ્યક્તિગત વિગતો જેવી કે જાતિ, પેટા-જ્ઞાતિ, વ્યવસાય અને અભ્યાસની સાથે પક્ષમાં હાલની અને ભૂતકાળની જવાબદારીઓની વિગત આપવાની રહેશે. જો ઉમેદવાર અગાઉ કોઈ ચૂંટણી લડ્યા હોય તો તેનું વર્ષ અને પરિણામ પણ જણાવવું પડશે. ખાસ કરીને, ઉમેદવાર સામે કોઈ ફોજદારી ગુના કે પોલીસ કેસ થયેલ છે કે કેમ, તેની સ્પષ્ટતા પણ ફોર્મમાં માંગવામાં આવી છે. આ ઉપરાંત, અન્ય પક્ષમાંથી આવેલા નેતાઓ માટે તેઓ કયા પક્ષમાં હતા અને ત્યાં કઈ જવાબદારી સંભાળતા હતા તેની માહિતી પણ ભરવી પડશે.

ભલે, એપ્રિલ...

અખબારની કચેરીએ ફોન કરીને આ સમાચાર અંગેની પુછપરછ કરી હતી. લોકોને ખબર પડી કે આ 'એપ્રિલફુલ' છે છતાં પણ લોકો દ્વારા એવી જ લાગણી વ્યક્ત કરાઈ હતી કે ભલે હાલમાં આ 'એપ્રિલફુલ' હોય પણ સુરતમાં ઝડપથી વોટર મેટ્રો પણ શરૂ થાય તે જરૂરી છે.

સુરતીઓ આનંદો...

એ એરપોર્ટ પર ડ્યુટી-ફ્રી શોપને મંજૂરી આપી છે અને આઉટલેટને કાર્યરત કરવાની પ્રક્રિયા ઝડપી બની ગઈ છે. ટર્મિનલના કસ્ટમ વિસ્તારમાં ડ્યુટી-ફ્રી દુકાનોની ડિઝાઇન, વિકાસ, સંચાલન અને જાળવણી માટે RFP (વિનંતી માટે દરખાસ્ત) રજૂ કરવામાં આવી છે. આ પગલું 17 ડિસેમ્બર-2023ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નવા ટર્મિનલના ઉદઘાટનનાં બે વર્ષથી વધુ સમય પછી લેવામાં આવ્યું છે, જેનાથી મુખ્ય મુસાફરોની સુવિધાઓના વિલંબિત અમલીકરણ અંગે ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે. એરપોર્ટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરીકે માન્યતા આપવામાં આવી હોવા છતાં ઘણી આવશ્યક સેવાઓ કાં તો વિલંબિત થઈ છે અથવા હજુ પણ કાર્યરત થઈ નથી. આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ફરજિયાત સુવિધા હોવા છતાં હજુ સુધી બાંધવામાં આવ્યો નથી. સ્મોકિંગ રૂમના બાંધકામમાં લગભગ એક વર્ષનો વિલંબ થયો હોવા છતાં 6-8 મહિનાના વિલંબ પછી જ કાર્યરત થયું છે. અન્ય મુસાફરો-કેન્દ્રીત સુવિધાઓનો અમલ પણ ધીમો પડી ગયો છે. જેના કારણે વારંવાર ઊડતા મુસાફરો અને સ્થાનિક હિસ્સેદારો તરફથી ટીકા થઈ રહી છે.

આનાથી અધિકારીઓ દ્વારા આયોજન અને અમલીકરણ પર પ્રશ્નો ઊભા થાય છે. ખાસ કરીને જ્યારે ભારતના અન્ય આંતરરાષ્ટ્રીય એરપોર્ટની તુલના કરવામાં આવે છે. સ્થાનિક મુસાફરો અને ઉદ્યોગ નિરીક્ષકોનો દલીલ છે કે સુરત, એક મુખ્ય આર્થિક કેન્દ્ર હોવા છતાં, ઉડ્ડયન માળખાગત સુવિધાઓના અમલીકરણમાં સતત અવગણના કરવામાં આવી છે.

ટર્મિનલ બિલ્ડિંગમાં જગ્યા નક્કી કરી 18 માર્ચે ટેન્ડર ઇશ્યુ કર્યું છે

એરપોર્ટ ડિરેક્ટર આનંદકુમાર શર્માએ જણાવ્યું હતું કે, કસ્ટમ ડ્યુટી ફ્રી આઉટલેટ /શોપ્સ માટે સુરત એરપોર્ટના ટર્મિનલ બિલ્ડિંગમાં જગ્યા નક્કી કરી 18 માર્ચે ટેન્ડર ઇશ્યુ કર્યું છે. ટેન્ડરમાં પ્રપોઝલ મળ્યા પછી આગળ વધુ માહિતી આપી શકાશે.

સચિન GIDCની...

કમ્પાઉન્ડના પ્લોટ નંબર 14-12 પર આવેલી ગોપી ટેક્સટાઈલ ફેક્ટરીના ત્રીજા માળે ગોડાઉન વિસ્તારમાં આગ લાગી હતી. સવારે 11 વાગ્યાના અરસામાં લાગી ગયેલી આ આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું, કારણ કે ગોડાઉનમાં મોટા પ્રમાણમાં નાયલોન ટેક્સટાઈલ મટીરીયલનો જથ્થો સ્ટોર કરવામાં આવ્યો હતો. નાયલોન મટીરીયલ ઝડપથી સળગી ઊઠતું હોય, જ્વાળાઓ સાથે ધુમાડાના મોટા ગોટા દૂર સુધી ફેલાતા રહ્યા હતા.

સ્થળ પર સૌપ્રથમ નોટિફાઈડ વિસ્તારનો ફાયર કાફલો પહોંચ્યો હતો. પરંતુ આગની તીવ્રતા વધતા બાદમાં ભેસ્તાન, ડિંડોલી અને ઉધના ફાયર સ્ટેશનોની ગાડીઓ તાત્કાલિક ધોરણે મોકલવામાં આવી હતી. ફાયર સબ ઓફિસર વિજય સોલંકીએ જણાવ્યું હતું કે અંદર સ્ટોર કરાયેલા નાયલોનના જથ્થાને કારણે જ્વાળાઓ સતત પ્રસરતી હોવાથી જવાનોને આગ કાબૂમાં લેવા માટે ભારે મથામણ કરવી પડી હતી. ઘણા કલાકોની કામગીરી બાદ મોડી સાંજે આગ સંપૂર્ણપણે કાબૂમાં આવી હતી અને બાદમાં કુલિંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નથી.

ફાયર બ્રિગેડે...

કામગીરી બાદ આગને અન્ય યુનિટ સુધી ફેલાતા અટકાવવામાં સફળતા મળી હતી, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હોવાનું અધિકારીએ જણાવ્યું.

ઔદ્યોગિક વસાહતોમાં...

ઔદ્યોગિક વસાહતોમાં ગેરકાયદે બાંધકામો ધમધમવા લાગયા છે. મૂડીપતિઓ સક્ષમ સત્તામંડળ પાસે કાગળ ઉપર પરવાનગી મેળવવાના નાટક કરે છે. પરંતુ સ્થળ ઉપર ભળતા જ પ્રકારના બાંધકામો જોવા મળે છે. જેમાં સુરક્ષાના કોઇ માપદંડો જળવતા નથી. શહેરની અનેક જીઆઇડીસીમાં ગેરકાયદે સ્ટ્રક્ચરની બોલબાલા છે. પરંતુ તેની સામે જે તે ઓથોરિટીએ મૌન ધારણ કરી લીધું છે. તાજતેરમાં સુરતમાં બનેલી ઇન્ડસ્ટ્રીયલ એક્સિડન્ટની અનેક ઘટનાઓમાં આ વાત બહાર આવી હતી. જેને લઇને આગામી દિવસોમાં સુરત જિલ્લા કલેક્ટર તેમજ જે તે ઓથોરિટી તરફથી ગેરકાયદે બાંધકામો સામે મોટાપાયે ઝુંબેશ શરૂ કરાશે. કહેવાય છે કે ઇન્ડસ્ટ્રીયલ બેલ્ટમાં પરવાગની આપવા માટે અલાયદી વ્યવસ્થા છે. પરંતુ આવી કચેરીઓમાં મોટાભાગે વહિવટ કરીને ખેલ પાર પાડવામા આવે છે. જેથી ગેરકાયદે ડોમ કે ટેમ્પરરી સ્ટ્રક્ચરનું જંગલ ખડકાઇ ગયું છે.

24 કલાકમાં...

હતો, જે હવામાનને થોડું સહનશીલ બનાવતો રહ્યો હતો. હવામાન વિભાગના અનુમાન મુજબ, આગામી ૨૪ કલાક દરમિયાન સુરત સહિત દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છુટાછવાયા સ્થળોએ માવઠું પડી શકે છે. આ આગાહીને ધ્યાનમાં રાખીને ખેડૂતો તેમજ સામાન્ય નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે. રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ આજે વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું, જે હવામાનમાં બદલાવના સંકેતો આપે છે. નિષ્ણાતો મુજબ, આવનારા દિવસોમાં તાપમાનમાં વધુ ફેરફાર અને અચાનક વરસાદી ઝાપટાં પડવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

પ્રેમીએ લગ્ન...

નવી બંધાતી પાણીની ટાંકીની કન્સ્ટ્રક્શન સાઈટ પર રહેતી હતી અને ત્યાં જ મજૂરી કામ કરતી હતી. સોનિકાએ ધોરણ-10 સુધીનો અભ્યાસ કર્યો હતો. મંગળવારે બપોરના સમયે સોનિકાએ બહેનને વોશરૂમ માટે જવાનું કહીને સાઈટ પરથી નીકળી ગઈ હતી. પરિવારની આશરે ત્રણ કલાકની શોધખોળ બાદ સોનિકા સાઈટથી આશરે 500 મીટર દૂર બાવળિયાોના ઝાડા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરેલી હાલતમાં મળી આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સોનિકાનું વતનમાં રહેતા એક યુવક સાથે પ્રેમ સંબંધ હતો. પરંતુ તે યુવકે અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધા હોવાની વાત મળતા સોનિકા માનસિક રીતે તૂટી પડી હતી અને જેના આઘાતમાં આવી અંતિમ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું હતું.

ભરૂચના...

સામગ્રીને નુકસાન પહોંચાડવાની આ ઘટનાને લઈને સ્થાનિકો દ્વારા પોલીસને તુરંત જાણ કરવામાં આવી છે. હાલમાં આ નિંદનીય કૃત્ય કોણે કર્યું છે તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી મળી નથી, પરંતુ પોલીસે આ મામલે ઊંડી તપાસ શરૂ કરી ગુનેગારોને વહેલી તકે ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ગુનેગારોને સજા અપાવવાની માંગ સાથે અયોધ્યાનગર વિસ્તારમાં હાલમાં તણાવભરી શાંતિ જોવા મળી રહી છે.